# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/378 Dt. 28/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## DGVCL માટે વર્ષ 2026–27નો ટેરિફ ઓર્ડર જાહેર, ચેમ્બર ઓફ કોમર્સની અસરકારક રજૂઆતના પરિણામે ઉદ્યોગોને મોટી રાહત

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (GERC) દ્વારા દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) માટે વર્ષ 2026–27 માટે જાહેર કરાયેલા ટેરિફ ઓર્ડરનું સ્વાગત કર્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સે ટેરિફ નિર્ધારણ પ્રક્રિયામાં સક્રિય ભાગ લઈ ઉદ્યોગો તથા વીજ ગ્રાહકોના હિતમાં વિગતવાર રજૂઆત કરી હતી. ચેમ્બરની આ રજૂઆતને યોગ્ય પ્રતિસાદ આપતા માનનીય કમિશને વિવિધ મુદ્દાઓમાં ઉદ્યોગલક્ષી અને વ્યવહારુ નિર્ણય કર્યા છે, જેના પરિણામે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને નોંધપાત્ર રાહત મળશે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને માન્ય રાખીને GERCએ મહત્વપૂર્ણ સૂચનોનો સમાવેશ કર્યો છે. આ નિર્ણયોથી વીજ વપરાશકારોને રાહત મળશે અને ઉદ્યોગોને કાર્યક્ષમતા વધારવામાં સહાય મળશે.

## મુખ્ય નિર્ણયો અને તેના લાભો

**1. TOU ડિસ્કાઉન્ટ સમયગાળામાં વધારો**: ટાઈમ-ઓફ-યૂઝ (TOU) ડિસ્કાઉન્ટનો સમયગાળો 2 કલાક વધારવામાં આવ્યો છે. અગાઉ 11:00થી 3:00 વાગ્યા સુધી ઉપલબ્ધ ડિસ્કાઉન્ટ હવે 11:00થી 5:00 વાગ્યા સુધી મળશે. પ્રતિ યુનિટ રૂ. 0.60ના ડિસ્કાઉન્ટથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને દર વર્ષે અંદાજે રૂ. 128 કરોડનો લાભ થવાની શક્યતા છે. આ નિર્ણય લોડ મેનેજમેન્ટ સુધારશે અને ઉદ્યોગોના વીજ ખર્ચમાં ઘટાડો કરશે.

**2. પ્રીપેઇડ સ્માર્ટ મીટરની શરત દૂર**: ચેમ્બરની રજૂઆતને ધ્યાનમાં રાખીને TOU ડિસ્કાઉન્ટ મેળવવા માટે પ્રીપેઇડ સ્માર્ટ મીટર રાખવાની શરત દૂર કરવામાં આવી છે. હવે સ્માર્ટ મીટર ધરાવતા તમામ પાત્ર ગ્રાહકો આ લાભ મેળવી શકશે, જેના કારણે અમલીકરણ સરળ બનશે અને વધુ વ્યાપક લાભ મળશે.

**3. બેઝ ટેરિફમાં કોઈ વધારો નહીં**: કમિશને તમામ કેટેગરીના ગ્રાહકો માટે બેઝ ટેરિફ દરોમાં કોઈ વધારો કર્યો નથી. વીજ દરોને સ્થિર રાખવાનો આ નિર્ણય ઉદ્યોગો માટે ખૂબ જ રાહતકારક સાબિત થશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ નિર્ણયો ઊર્જા આધારિત ઉદ્યોગોને વધુ સ્પર્ધાત્મક બનાવશે તેમજ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો લાવી ઉદ્યોગોના વિકાસને ગતિ આપશે. ચેમ્બર દ્વારા GERCનો ઉદ્યોગોના પ્રશ્નોને સમજદારીપૂર્વક અને વ્યવહારુ રીતે ઉકેલવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવે છે. સાથે જ ચેમ્બર ભવિષ્યમાં પણ વેપાર અને ઉદ્યોગને અસર કરતી નીતિગત બાબતોમાં સક્રિય રીતે રજૂઆત કરી ઉદ્યોગોના હિતોની રક્ષા કરવાની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.